ગુજરાતના આદિવાસીઓમાં દેવાવિષયક પરિસ્થિતિ

અહેવાલ લેખન	નિર્દેશન	ક્ષેત્રકાર્ય	કોષ્ટકીકરણ
મુસ્તાઅલી મસવી	વિમલ શાહ	રાસ બિહારી લાલ	મુસ્તાઅલી મસવી
	રાસ બિહારી લાલ	મુસ્તાઅલી મસવી	
	સિદ્ધરાજ સોલંકી	કનૈયાલાલ નાયક	
		ગૌરીશંકર પંડ્યા	
		હરગોવિંદ પટેલ	

1977

25

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

ગુજરાતના આદિવાસીઓમાં દેવાવિષયક પરિસ્થિતિ

અહેવાલ લેખન

મુસ્તાઅલી મસવી

ક્ષેત્રકાર્ય

રાસ બિહારી લાલ
મુસ્તાઅલી મસવી
કનૈયાલાલ નાયક
ગૌરીશંકર પંડ્યા
હરગોવિંદ પટેલ

કોષ્ટકીકરણ

મુસ્તાઅલી મસવી

નિર્દેશન

વિમલ શાહ
રાસ બિહારી લાલ
સિદ્ધરાજ સોલંકી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૩૮૦૦૧૪.

આ વ કા ર

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર સલાહકાર સમિતિની, પાછલા અહેવાલોને આખરી સ્વરૂપ આપીને પ્રકાશિત કરવાની ભલામણ અનુસાર કેન્દ્રનો આ અહેવાલ સાયક્લોસ્ટાઈલ સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવે છે. આદિવાસી વિકાસકાર્યોની સાથે સંકળાયેલા કાર્યકરો, વહીવટકારો, સંશોધકો, વિદ્યાર્થીઓ, તેના અભ્યાસીઓ તથા જે તે સમાજમાંથી કોઈકને પણ પોતાની રીતે તેમાંથી કંઈક પણ ઉપયોગી સામગ્રી જો મળી રહેશે તો તેના પ્રકાશનનો હેતુ બર આવ્યો લેખાશે. આ સંશોધન યોજનામાં ભાગ લેનાર સર્વ સંશોધકોને અભિનંદન આપું છું.

ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ–૩૮૦૦૧૪.

ધીરુભાઈ મણિભાઈ દેસાઈ
કુલનાયક

પ્રાસ્તાવિક નોંધ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી વિવિધ આદિવાસી જાતિઓના અભ્યાસ અંગેની સંશોધન યોજનાના સંદર્ભમાં થયેલા ક્ષેત્રકાર્ય વખતે ગુજરાતના આદિવાસીઓમાં દેવા વિષયક પરિસ્થિતિ અંગેની આ નોંધમાંની વિગતો મેળવવામાં આવી હતી. ગુજરાતની જુદી જુદી સાત આદિવાસી જાતિઓનાં ૬૦૯ કુટુંબોને આ તપાસમાં આવરવામાં આવ્યાં છે. આ સંશોધનમાં સહકાર આપનાર સર્વ માહિતીદર્શકોનો આભાર માનવાની કેન્દ્ર આ તક લે છે.

સિધ્ધરાજ સોલંકી
કાર્યકારી નિયામક

આદિવાસીઓમાં દેવા વિષયક પરિસ્થિતિ

પ્રાસ્તાવિક :

આદિવાસીઓ અન્ય પ્રજાની સરખામણીએ આર્થિક રીતે ઘણા પછાત છે, જયારે બીજી બાજુએ વર્ષોથી તેમનુ એક યા બીજા પ્રકાર શોષણ થતું આવ્યું છે. એ પાછળના અનેક કારણોમાં મુખ્ય કારણ દેવું છે. આદિવાસીઓને માથે શાહુકારનું દેવું એટલું બધું ચઢી ગયું હોય છે કે એણે પોતાની અને પોતાના કુટુંબની આખી જીંદગી શાહુકારની ચાકરી કરવામાં ગુમાવવી પડે છે. પહેલાંના દિવસોમાં જયારે ચીજવસ્તુઓના સાટાં થતાં ત્યારે આદિવાસીઓને બિનઉત્પાદક હેતુસર દેવું કરવાની જવલ્લે જ ફરજ પડતી. પરંતુ નાણાંનો રોકડ વ્યવહાર વધ્યા પછી આદિવાસીઓને વારંવાર દેવું કરવાની પરિસ્થિતિ ઊભી થઇ છે.

ઓછી સાધન કુશળતા અને ઓછું ઉત્પાદન એ બે કારણોસર આદિવાસીઓને તેમની બિયારણ, ખોરાક, મીઠું, કપડાં વગેરે જેવી રોજીંદી જરૂરિયાતો મેળવવા માટે અને લગ્ન ઉત્સવો અને મરણ જેવા સામાજિક પ્રસંગો ઉકેલવા માટે દેવું કરવું પડે છે. શાહુકાર ઘણું બધું વ્યાજ લે છે તે જાણવા છતાં આદિવાસી શાહુકારનું પડખું સેવે છે. કારણ કે જયારે જરૂર પડે ત્યારે બધી જ વખત શાહુકાર એને મદદરૂપ થઇ પડે છે. ઘણીવાર તો આદિવાસી ખેડૂતે મોટા ભાગનો પાક લેતા પહેલાં શાહુકારને ત્યાં ગીરો મૂકી દીધો હોય છે. ઘણીવાર આદિવાસીઓ જમીન ગીરો મૂકી શાહુકાર પાસેથી નાણાં ઉછીનાં લેતા હોય છે. આને લીધે આદિવાસીઓની મોટા ભાગની જમીન શાહુકારના હાથમાં સરકી જાય છે.

પરંતુ સ્વાતંત્ર્ય પછી આદિવાસી વિસ્તારોમાં આદિવાસી વિકાસ ઘટકો મારફતે થયેલ વિકાસ કાર્યક્રમો દ્વારા આદિવાસીઓની આવક વધારવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. પરંતુ આ આવક વધારવાના પ્રયાસોનું પરિણામ એ આવ્યું છે કે વધારાની આવક શાહુકાર અને વેપારીનું દેવું ચૂકવવામાં વપરાઇ જાય છે, અને વધતું જતું દેવું અને હાથમાંથી સરકી જતી જમીનને કારણે આદિવાસીની ધિરાણ મેળવવાની લાયકાત પણ સાથોસાથ ઘટતી જાય છે. શાહુકારો દ્વારા થતું શોષણ અટકાવવા અનેક ધારાઓ ઘડવામાં આવ્યા છે પરંતુ તેને ઝાઝી સફળતા મળી નથી. આમ આદિવાસીઓને દેવામાંથી કેવી રીતે મુક્ત કરવા એ એક અગત્યની સમસ્યા બની રહે છે.

તપાસ પધ્ધતિ :

અહીં રજૂ થયેલ આદિવાસીઓની દેવા વિષયક પરિસ્થિતિની તપાસનોંધ કેન્દ્ર દ્વારા જુદી જુદી આદિવાસી જાતિઓના અભ્યાસ માટે પસંદ થયેલ બાર ગામોમાથી દેવા અંગે એકત્ર કરેલ માહિતી પરથી તૈયાર કરવામાં આવી છે. આ બાર ગામોની પસંદગી રાજ્યના સાત આદિવાસી જિલ્લાઓ -સાબરકાંઠા, બનાસકાંઠા, સુરત, ભરૂચ, વલસાડ, વડોદરા અને પંચમહાલ-માં કરવામાં આવી હતી. આ તપાસનોંધમાં રાજ્યની સાત આદિવાસી જાતિઓ -ગરાસિયા,, ભીલ, વસાવા, ધોડિયા, ચૌધરી, કોકણા અને વારલી-નો સમાવેશ થાય છે.

આ બાર ગામોમાથી કુલ ૬૦૯ કુટુંબોની દૈવ નમૂના પધ્ધતિ (રેન્ડમ સમ્પલ)થી પસંદગી કરવામાં આવી હતી. અને તેમની વિગતવાર તપાસ પરથી આવેલાં મહત્વનાં તારણો નીચે મુજબ છે :

તપાસ કરેલ કુલ ૬૦૯ કુટુંબોમાથી ૮૯.૭ ટકાનો મુખ્ય ધંધો ખેતી હતો. બાકીના ૧૦.૩ ટકાનો વ્યવસાય ખેતમજૂરી તેમજ અન્ય છૂટક મજૂરીનો હતો. તપાસ કરેલાં કુટુંબોનું જમીનના કદ અને મિલકત પ્રમાણે વર્ગીકરણ કોઠા નં. ૧ અને ૨ માં દર્શાવેલ છે.

કોઠો-૧

જમીનના કદ પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ

ક્રમ જમીનનું કદ (એકરમાં)	સંખ્યા	ટકા
૧. ૦ થી ૨.૫	૧૧૬	૧૯.૦
૨. ૨.૫ થી ૫.૦	૧૯૯	૩૨.૭
૩. ૫.૦ થી ૭.૫	૧૧૦	૧૮.૧
૪. ૭.૫ થી ૧૦.૦	૪૯	૮.૧
૫. ૧૦.૦ થી ૧૫.૦	૪૨	૬.૯
૬. ૧૫ થી વધુ	૩૦	૪.૯
૭. જમીન વિહોણા	૬૩	૧૦.૩
કુલ	૬૦૯	૧૦૦.૦

ઉપરના કોઠા પરથી જણાય છે કે ૫૨ ટકા કુટુંબો પાસે ૫ એકરથી ઓછી જમીન હતી, ૨૬ ટકા કુટુંબો ૫ થી ૧૦ એકર સુધીની જમીન ધરાવતાં હતાં જયારે માત્ર ૨૨ ટકા કુટુંબો પાસે ૧૦ એકરથી વધુ જમીન હતી. આમ તપાસ હેઠળનાં અર્ધા ઉપરાંત કુટુંબો [illegible] એકરથી ઓછી જમીન હોવાના [illegible] નિર્વાહ પરતું જમીન ધારણ પણ નથી

કોઠો-૨

મિલકતજૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

ક્રમ મિલકતજૂથ (રૂ. માં)	સંખ્યા	ટકા
૧. ૫૦૦ થી ઓછી મિલકત ધરાવતાં કુટુંબો	૩૫	૫.૭
૨. ૫૦૦ થી ૧૦૦૦	૩૪	૫.૬
૩. ૧૦૦૦ થી ૨૫૦૦	૧૦૯	૧૭.૯
૪. ૨૫૦૦ થી ૫૦૦૦	૧૬૩	૨૬.૮
૫. ૫૦૦૦ થી ૧૦૦૦૦	૧૬૪	૨૬.૯
૬. ૧૦૦૦૦ થી ૨૦૦૦૦	૮૨	૧૩.૫
૭. ૨૦૦૦૦ થી વધુ	૨૨	૩.૬
કુલ	૬૦૯	૧૦૦.૦

ઉપરના આંકડાઓ પરથી જણાય છે કે ૨૯ ટકા કુટુંબો રૂ. ૨૫૦૦થી પણ નીચેની મિલકત ધરાવતાં હતાં. ૨૭ ટકા કુટુંબો રૂ. ૨૫૦૦ થી ૫૦૦૦ની મિલકત ધરાવતાં હતાં. ૨૭ ટકા કુટુંબો પાસે રૂ. ૫૦૦૦થી ૧૦૦૦૦ વચ્ચેની મિલકત હતી જયારે માત્ર ૧૭ ટકા કુટુંબો પાસે રૂ. ૫૦૦૦થી પણ ઓછી મિલકત છે જે એમને આર્થિક સધ્ધરતા અપાવવા માટે પ્રમાણમાં બહુ ઓછી ગણી શકાય.

દેવાનું પ્રમાણ :

તપાસ સમયે દેવું બાકી હોય તેવાં કુલ કુટુંબોના ૬૭.૯ ટકા હતાં. દરેક દેવાદાર કુટુંબદીઠ સરરાશ દેવું રૂ. ૯૫૬ હતું જયારે કુટુંબદીઠ રૂ. ૨૪૩ હતું. કુલ કુટુંબમાથી ૨૫ ટકા દેવું ચીજવસ્તુઓના રૂપમાં હતું. મિલકતજૂથ પ્રમાણે દેવાદાર કુટુંબોની સ્થિતિ કોઠા ૩ માં દર્શાવવામાં આવી છે.

કોઠા ૩ પરથી જણાય છે કે વધુ મિલકત ધરાવનાર કુટુંબોમાં ધિરાણ લેનારનું પ્રમાણ એકંદરે ઘટતું જાય છે. રૂ. ૧૦૦૦થી ઓછી મિલકત ધરાવનાર કુટુંબોમાં ધિરાણ લેનારનું પ્રમાણ બીજાં બધાં મિલકતજૂથો કરતાં ઓછું છે. તેથી ઓછી મિલકત ધરાવનાર કુટુંબોને ધિરાણની ઓછી જરૂર પડતી હશે એમ કહી શકાય નહીં. કદાચ તેમને ઓછી મિલકત હોવાને કારણે ધિરાણ મેળવવામાં મુશ્કેલી પડતી હશે એમ પણ બનવું સંભવિત છે. મિલકત વધુ હોય તેને ધિરાણ સહેલાઇથી મળે એટલે એ જૂથોમાં ધિરાણ લેનારનું પ્રમાણ વધુ જણાય છે. એકંદરે જોઇએ તો વધુ મિલકત ધરાવનાર કુટુંબોમાં દેવાનું પ્રમાણ વધતું જાય છે. ઓછી મિલકત ધરાવનાર દેવાદાર કુટુંબદીઠ દેવાનું પ્રમાણ ૧ : ૭ જેટલું હતું.

કોઠો ૩

મિલકતજૂથ પ્રમાણે કુટુંબદીઠ દેવું

મિલકતજૂથ	કુલ કુટુંબ સંખ્યા	દેવાદાર કુટુંબ સંખ્યા	કુલ કુટુંબોમાં દેવાદાર કુટુંબના ટકા	કુટુંબદીઠ દેવું			દેવાદાર કુટુંબદીઠ દેવું			કુલ દેવામાં હિસ્સો
				રોકડમાં (રૂા.)	વસ્તુમાં (રૂા.)	કુલ (રૂા.)	રોકડમાં (રૂા.)	વસ્તુમાં રૂા.)	કુલ (રૂા.)	
રૂા. ૫૦૦ થી ઓછી મિલકત	૩૫	૧૬	૪૫.૯	૩૦	૨૨	૫૨	૬૫	૪૮	૧૧૩	૧.૨
રૂા. ૫૦૦થી ૧૦૦૦ સુધી	૩૪	૧૪	૪૧.૧	૬૧	૨૭	૮૮	૧૪૮	૬૬	૨૧૪	૨.૦
રૂા. ૧૦૦૦થી ૨૫૦૦ સુધી	૧૦૯	૭૫	૬૮.૮	૧૦૦	૬૨	૧૬૨	૧૪૫	૯૦	૨૩૫	૧૧.૯
રૂા. ૨૫૦૦થી ૫૦૦૦ સુધી	૧૬૩	૧૨૩	૭૫.૫	૧૫૫	૬૬	૨૨૧	૨૦૬	૮૭	૨૯૩	૨૪.૪
રૂા. ૫૦૦૦થી ૧૦૦૦૦ સુધી	૧૬૪	૧૧૧	૭૬.૭	૧૫૮	૮૧	૨૩૯	૨૩૪	૧૨૦	૩૫૪	૨૬.૬
રૂા. ૧૦૦૦૦થી ૨૦૦૦૦ સુધી	૮૨	૬૨	૭૫.૬	૩૯૨	૯૭	૪૮૯	૫૧૮	૧૨૯	૬૪૭	૨૭.૨
રૂા. ૨૦૦૦૦થી વધુ	૨૨	૧૩	૫૯.૧	૪૧૭	૩૩	૪૫૦	૭૦૬	૫૬	૭૬૨	૬.૭
કુલ	૬૦૯	૪૧૪	૬૭.૯	૧૭૫	૬૮	૨૪૩	૨૫૭	૯૯	૩૫૬	૧૦૦.૦

દેવાનો હેતુ :

દેવું કયા હેતુઓ માટે કરવામાં આવ્યું હતું તે કોઠા ૪ માં દર્શાવવામાં આવ્યું છે.

કોઠો-૪

હેતું પ્રમાણે કુટુંબદીઠ ઉછીની લીધેલ રકમ

ક્રમ	દેવાનો હેતુ	રકમ ઉછીની લેનાર કુટુંબોનું પ્રમાણ	રકમ ઉછીની લેનાર કુટુંબ-દીઠ રકમ	કુલ દેવાની રકમમાં હેતુવાર પ્રમાણ
૧.	ચાલુ ઘરખર્ચ	૮૨.૨	૧૭૭	૪૦.૪
૨.	સામાજિક	૧૩.૪	૪૪૦	૧૬.૪
૩.	ચાલુ ખેતીખર્ચ	૨૩.૭	૨૧૫	૧૪.૧
૪.	ખેતીમાં મૂડી રોકાણ	૧૩.૯	૬૪૩	૨૪.૮
૫.	ઘર બાંધકામ અને સમારકામ	૨.૭	૫૭૬	૪.૩
	કુલ	૬૭.૩	૩૫૬	૧૦૦.૦

ઉપરના આંકડાઓ પરથી જણાય છે કે કુલ કુટુંબોમાંથી જે ૬૭ ટકા કુટુંબોએ દેવું કર્યું હતું તેમાંના ૮૨ ટકા કુટુંબોએ ચાલુ ઘરખર્ચ માટે નાણાં લીધાં હતાં. એટલે કે આદિવાસી કુટુંબો માટે નાણાં ઉછીનાં લેવાનું સૌથી મોટું કારણ ચાલુ ઘરખર્ચ છે. તેમનું પોતાનું ઉત્પન્ન એટલું ઓછું હોય છે કે તેમાંથી માંડ તેઓ પોતાનું ગુજરાન ચલાવી શકે છે, અને તેથી તેમને ચાલુ નિર્વાહ માટે નાણાં ઉછીનાં લેવાની ફરજ પડે છે, જે તેઓ પોતાની જંગલમજૂરી કે ઇતર આવકમાંથી ભરપાઇ કરતા હોય છે. કુલ ઉછીની લેવાયેલ રકમના ૪૦ ટકા રકમ ઘરખર્ચ માટે લેવાઇ હતી, તે વસ્તુ પણ આ જ હકીકત પૂરવાર કરે છે. ખેતીમાં મૂડી રોકાણ કરવા માટે ૨૪.૮ ટકા અને ચાલુ ખેતી ખર્ચ માટે ૧૪.૧ ટકા જેટલી રકમ ઉછીની લેવામાં આવી હતી. અને એ રકમ ઉછીની લેનાર કુટુંબો કુલ દેવાદાર કુટુંબોના અનુક્રમે ૧૩.૯ અને ૨૩.૭ ટકા હતાં, તે વસ્તુ બતાવે છે કે ખેતી પાછળનું રોકાણ ઘણું જ ઓછું છે. ખેતીમાં રોકાણ ઓછું થાય છે તેથી ખેત ઉત્પન્ન ઘણું ઓછું મળે છે અને તેથી ચાલુ નિર્વાહ માટે મોટા ભાગનાં કુટુંબોને દેવું કરવું પડે છે. આ વિષચક્રને તોડવા માટે ખેતી પાછળનું રોકાણ અને ચાલુ રોકાણ બંને વધારવું જોઇએ એ હકીકત આમાંથી સ્પષ્ટ તરી આવે છે.

મિલકતજૂથ પ્રમાણે હેતુવાર દેવાની વહેંચણી કોઠા ૫ માં જોતાં જણાય છે કે રૂ. ૧૦૦૦ની મિલકત ધરાવનાં કુટુંબોમાં કુલ ઉછીની લેવાયેલ રકમના ૮૦થી ૯૫ ટકા જેટલી રકમ ચાલુ નિર્વાહ ખર્ચ પેટે લેવામાં આવી હતી. જ્યારે ૧૦૦૦ થી ૧૦૦૦૦ની મિલકત ધરાવનાં કુટુંબોમાં આ ટકાવારી ૪૪ ટકાથી ૫૪ ટકા જેટલી હતી, અને રૂ. ૧૦૦૦૦થી વધુ મિલકત ધરાવનાં કુટુંબોમાં માત્ર ૧૬ થી ૨૦ ટકા જેટલી હતી. આમ એકંદર વધુ મિલકત ધરાવનાર કુટુંબોમાં ચાલુ નિર્વાહ ખર્ચ માટેનું દેવું ઘટતું જાય છે. આમ ઓછી મિલકત ધરાવનાર કુટુંબોને જીવન નિર્વાહ માટે વધુ પ્રમાણમાં રકમ ઉછીની લેવી પડે છે. જ્યારે બીજી બાજુ ઓછી મિલકત ધરાવનાર કુટુંબોએ ખેતીમાં મૂડી રોકાણ અને ચાલુ ખેતી ખર્ચ માટે લીધેલ ઉછીની રકમનો ફાળો કુલ રકમમાં નહિવત્ છે, જ્યારે વધુ મિલકત ધરાવનાર કુટુંબોમાં ! આ હેતુઓ માટે ઉછીની લીધેલ રકમનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે.

કોઠા-૫

મિલકતજૂથ પ્રમાણે હેતુવાર દેવું (ટકામાં)

મિલકતજૂથ	ચાલુ ઘરખર્ચ	સામાજિક	ચાલુ ખેતીખર્ચ	ખેતીમાં મૂડી રોકાણ	ઘર બાંધકામ તેમજ સમારકામ	કુલ
રૂ. ૫૦૦થી ઓછી મિલકત	૯૪.૫	૫.૫	-	-	-	૧૦૦.૦
રૂ. ૫૦૦થી ૧૦૦૦	૭૯.૬	૧૨.૦	૫.૦	-	૩.૪	૧૦૦.૦
રૂ. ૧૦૦૦થી ૨૫૦૦	૫૨.૭	૧૨.૭	૧૧.૨	૨૨.૯	૦.૫	૧૦૦.૦
રૂ. ૨૫૦૦થી ૫૦૦૦	૪૩.૬	૨૦.૫	૯.૮	૨૨.૨	૩.૯	૧૦૦.૦
રૂ. ૫૦૦૦થી ૧૦૦૦૦	૫૩.૫	૧૩.૨	૯.૬	૨૨.૭	૧.૦	૧૦૦.૦
રૂ. ૧૦૦૦૦થી ૨૦૦૦૦	૨૦.૦	૧૮.૧	૧૬.૪	૩૪.૬	૧૦.૯	૧૦૦.૦
રૂ. ૨૦૦૦૦થી વધુ	૧૫.૭	૧૬.૭	૪૯.૪	૧૮.૨	-	૧૦૦.૦
કુલ	૪૦.૪	૧૬.૪	૧૪.૧	૨૪.૮	૪.૩	૧૦૦.૦

દેવાનું સાધન :

દેવાની રકમ કઇ સંસ્થા કે વ્યકિત પાસેથી મેળવવામાં આવી હતી તે કોઠા ૬ માં દર્શાવેલ છે.

કોઠો-૬

સાધન પ્રમાણે કુટુંબદીઠ ઉછીની લીધેલ રકમ

ક્રમ	નાણાં આપનાર વ્યકિત કે સંસ્થા	નાણાં ઉછીનાં લેનાર કુટુંબનું પ્રમાણ	નાણાં ઉછીનાં લેનાર કુટુંબોમાં લીધેલ નાણાંની સરેરાશ	દરેક સાધનનો આપેલ નાણાંમાં હિસ્સો
૧.	શાહુકાર અને વેપારી	૮૭.૮	રૂા. ૨૬૨	૬૩.૮
૨.	સરકાર	૧૬.૩	રૂા. ૪૬૬	૨૧.૧
૩.	સહકારી મંડળી	૧૬.૯	રૂા. ૨૦૮	૯.૮
૪.	સગાસંબંધી	૬.૮	રૂા. ૨૮૨	૫.૩
	કુલ	૬૭.૩	રૂા. ૩૫૬	૧૦૦.૦

ઉપરના આંકડાઓ પરથી જણાય છે કે શાહુકારનો કુલ ધિરાણમાંનો ફાળો ૬૩.૮ ટકા હતો, અને શાહુકાર અને વેપારી પાસેથી ધિરાણ મેળવનાર કુટુંબોનું પ્રમાણ કુલ કુટુંબોમાં ૮૭.૮ ટકા હતું જયારે સરકારનો કુલ ધિરાણમાંનો ફાળો ૨૧.૧ ટકા હતો અને સરકાર પાસેથી ધિરાણ મેળવનાર કુટુંબોનું પ્રમાણ કુલ કુટુંબોના ૧૬.૩ ટકા જેટલું હતું. સહકારી મંડળીનું ધિરાણનું પ્રમાણ તો તદન ઓછું હતું. કુલ ધિરાણમાં સહકારી મંડળીનો ફાળો માત્ર ૯.૮ ટકા જેટલો જ હતો. આ વસ્તુ બતાવે છે કે આદિવાસી વિસ્તારોના ધિરાણ પર હજી બિનસહકારી અને બિનસરકારી ધિરાણની પકડ મજબૂત છે. કે જેના પર કોઇ જાતનું નિયંત્રણ નથી.

મિલકતજૂથ પ્રમાણે સાધન પ્રમાણે દેવાની પરિસ્થિતિ કોઠા ૭ માં જોતાં જણાય છે કે ઓછી મિલકત ધરાવતાં કુટુંબોમાં કુલ ધિરાણમાં શાહુકારનો ફાળો સો એ સો ટકા હતો. જયારે રૂા. ૧૦૦૦થી ૧૦૦૦૦ની મિલકત ધરાવતાં કુટુંબોમાં આ ટકાવારી ૭૦થી ૭૩ ટકા જેટલી હતી. જયારે ૨૦૦૦૦થી વધુ મિલકત ધરાવતાં કુટુંબોમાં શાહુકારનો ફાળો માત્ર ૨૫ ટકા જ હતો. આમ વધુ મિલકત ધરાવતાં કુટુંબોમાં શાહુકારના દેવાનું પ્રમાણ ક્રમશઃ ઘટતું જાય છે, અને સરકારી અને સહકારી ફાળો ઓછી મિલકત ધરાવતાં જૂથોમાં નહિવત્ હતો. જયારે ૧૦૦૦૦થી ૨૦૦૦૦ની મિલકતજૂથમાં સરકારી અને સહકારી મંડળીનો ધિરાણમાંનો ફાળો અનુક્રમે ૧૮થી ૨૫ ટકા અને ૫ થી ૧૪ ટકા જેટલો હતો.

જયાર ૨૦૦૦૦થી વધુ મિલકત ધરાવતાં જૂથમાં સરકારી અને સહકારી ધિરાણમંડળીનો ફાળો અનુક્રમે ૩૫ ટકા અને ૩૩ ટકા હતો. આ હકીકત પરથી સ્પષ્ટ જણાય છે કે સરકારી અને સહકારી ધિરાણનો લાભ વધુ મિલકત ધરાવનાર કુટુંબો જ મેળવતાં હતાં

કોઠો-૭

મિલકતજૂથ પ્રમાણે સાધનવાર દેવાનું પ્રમાણ

મિલકતજૂથ	શાહુકાર અને વેપારી	સરકાર	સહકારી મંડળી	સગાસંબંધી	કુલ
રૂા. ૫૦૦થી ઓછી	૧૦૦.૦	-	-	-	૧૦૦.૦
રૂા. ૫૦૦થી ૧૦૦૦	૧૦૦.૦	-	-	-	૧૦૦.૦
રૂા. ૧૦૦૦થી ૨૫૦૦	૭૩.૦	૧૯.૮	૬.૨	૧.૦	૧૦૦.૦
રૂા. ૨૫૦૦થી ૫૦૦૦	૬૮.૫	૧૭.૯	૭.૨	૬.૪	૧૦૦.૦
રૂા. ૫૦૦૦થી ૧૦૦૦૦	૬૯.૫	૧૯.૮	૪.૯	૫.૮	૧૦૦.૦
રૂા. ૧૦૦૦૦થી ૨૦૦૦૦	૫૪.૯	૨૪.૯	૧૩.૭	૬.૫	૧૦૦.૦
રૂા. ૨૦૦૦૦થી વધુ	૨૫.૯	૩૪.૯	૩૩.૦	૬.૨	૧૦૦.૦
કુલ	૬૩.૮	૨૧.૧	૯.૮	૫.૩	૧૦૦.૦

મિલકતનું માળખું :

કોઠા-૮માં જમીનના કદ પ્રમાણે કુટુંબોની મિલકતનું વર્ગીકરણ તપાસતાં જણાય છે કે ખેડૂત કુટુંબદીઠ સરેરાશ મિલકત રૂા. ૬૪૮૩ ની હતી. જયારે જમીન વગરના કુટુંબની સરેરાશ મિલકત રૂા. ૬૪૧ હતી. આમ ખેડૂત કુટુંબોની મિલકત જમીન વગરના કુટુંબદીઠ કરતાં ૧૦ ગણી **વધારે હતી.** ઓછી જમીન ધરાવતા ખેડૂત કુટુંબદીઠ સરેરાશ મિલકત રૂા. ૨૫૭૭ની હતી જયારે વધુ જમીન ધરાવતા ખેડૂત કુટુંબદીઠ સરેરાશ મિલકત રૂા. ૨૦૦૪૫ ની હતી. બીજા શબ્દોમાં કહીએ તો વધુ જમીન ધરાવનાર ખેડૂત કુટુંબ પાસે ઓછી જમીન ધરાવનાર ખેડૂત કુટુંબ કરતાં ૮ ગણી વધારે મિલકત હતી. આનું કારણ બંને પાસે આવેલ જમીનના પ્રમાણમાં રહેલું દેખાય છે. ઓછી જમીન ધરાવનાર કુટુંબમાં કુલ મિલકતના પ્રમાણમાં જમીનનું પ્રમાણ ૪૨ ટકા હતું જયારે વધુ જમીન ધરાવનાર કુટુંબમાં કુલ મિલકતના પ્રમાણમાં જમીનનું પ્રમાણ ૫૧ ટકા હતું.

બીજી અગત્યની મિલકત ઘર છે. ઓછી જમીન ધરાવનાર કુટુંબ પાસે કુલ મિલકતમાં ઘરનું પ્રમાણ ૨૩ ટકા હતું. આ ટકાવારીમાં જમીનના કદના વધવા સાથે ઘટાડો થાય છે. અને વધુ જમીન ધરાવનાર કુટુંબમાં તેનું પ્રમાણ ૧૮ ટકા જેટલું જોવા મળે છે.

જો આપણે જમીન અને ઘરની મિલકતને ભેગી ગણત્રીમાં લઈએ તો આ બંને મિલકતનો ફાળો કુલ મિલકતમાં ૩/૪ ટકા જેટલો થવા જાય છે. જે લગભગ દરેક જમીનના કદના જૂથમાં સરખો જોવા મળે છે.

કોઠા ૮ પરથી એક એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે અઢી એકર સુધી જમીન ધરાવનાર કુટુંબના અપવાદ સિવાય અન્ય જમીનના કદના જૂથમાં ઢોર-પશુની મિલકત કુલ મિલકતમાં ૧૩થી ૧૬ ટકા જેટલો હતી. તે જ રીતે ૦ થી ૨.૫ એકર જમીનના **ધારણના** કદના અપવાદ સિવાય દરેક જમીનના જૂથમાં સ્થાવર અને રોકડ મિલકતનો ફાળો કુલ મિલકતમાં સ્થિર છે.

જમીનના કદ પ્રમાણે મિલકતનું વર્ગીકરણ (ટકામાં) — કોઠો-૮

જમીનનું કદ (એકરમાં)	જમીનની કિંમત (ઝાડ સહિત)	ઘરની કિંમત	ઢોર-પશુ (બળદસહિત)	ખેતીનાં સાધનોની કિંમત	કૂવાની કિંમત	સ્થાવર મિલકત	રોકડ,સોનું, ચાંદી	કુટુંબદીઠ સરેરાશ મિલકત (જમીન સહિત) રૂ.માં	કુટુંબદીઠ સરેરાશ મિલકત (જમીન વગર) રૂ.
૧ થી ૨.૫	૪૨.૧	૨૩.૦	૨૧.૩	૧.૯	૨.૯	૪.૫	૪.૩	૨૫૭૭	૧૪૯૩
૨.૫ થી ૫.૦	૫૦.૫	૨૦.૯	૧૫.૮	૧.૮	૪.૩	૩.૪	૩.૩	૫૪૯૫	૨૭૨૦
૫.૦ થી ૭.૫	૫૮.૨	૧૭.૭	૧૩.૩	૨.૧	૪.૩	૨.૫	૧.૯	૬૭૩૬	૩૩૦૨
૭.૫ થી ૧૦.૦	૫૫.૪	૧૪.૨	૧૫.૧	૨.૬	૭.૬	૩.૦	૨.૧	૯૬૧૨	૪૨૮૮
૧૦.૦ થી ૧૫.૦	૫૮.૯	૧૭.૨	૧૪.૪	૨.૨	૩.૨	૨.૦	૨.૧	૧૧૬૫૩	૪૭૭૯
૧૫ થી વધુ	૫૦.૯	૧૮.૫	૧૪.૧	૨.૩	૫.૧	૩.૭	૫.૪	૨૨૦૪૫	૧૦૮૩૧
કુલ ખેડૂત કુટુંબો	૫૨.૭	૧૮.૭	૧૫.૨	૨.૨	૪.૮	૩.૨	૩.૨	૬૪૮૩	૩૧૩૭
જમીન વિહોણાં કુટુંબો	-	૪૮.૮	૩૪.૮	૧.૫	-	૧૨.૬	૨.૩	-	૬૪૧

જાતિવાર દેવું :

હવે આપણે જાતિવાર દેવાનું પ્રમાણ તપાસીએ. તપાસેલ કુટુંબનું જાતિવાર જમીનના કદ અને મિલકતજૂથ પ્રમાણે વર્ગીકરણ અનુક્રમે કોઠા નં.૯ અને ૧૦માં દર્શાવવામાં આવ્યું છે.

કોઠા ૯માં જણાવેલ આંકડાઓ પરથી જણાય છે કે દરેક જાતિમાં નાના ખેડૂત કુટુંબોની સંખ્યા ૫૦ ટકા કરતાં વધુ હતી. ૫ એકરથી વધુ જમીન ધરાવનાર કુટુંબોની સંખ્યા ભીલ, કોકણા, ચૌધરી અને ધોડિયા જાતિમાં કુલ કુટુંબોના ૪૦ ટકા જેટલી હતી. જ્યારે અન્ય જાતિઓ-માં આ ટકાવારી ૪૦ ટકા કરતાં ઓછી હતી. ૧૫ એકરથી વધુ જમીન ધારણ કરનાર કુટુંબોની સંખ્યા માત્ર ભીલ, વસાવા અને ધોડિયા જાતિઓમાં હતી. જ્યારે અન્ય જાતિઓમાં ૧૫ એકરથી વધુ જમીન એકય કુટુંબ ધરાવતું નહોતું. જમીન વિહોણા કુટુંબોમાં સૌથી વધુ વસાવા (૪૧.૨ ટકા) અને વારલી (૧૯.૩ ટકા) હતી જ્યારે અન્ય જાતિઓમાં જમીન વિહોણા કુટુંબોની સંખ્યા નજીવી હતી. આમ એકંદરે જોઇએ તો ચૌધરી, ધોડિયા, ગરાસિયા અને ભીલ અન્ય જાતિઓની સરખામણીએ વધુ પ્રમાણમાં જમીન ધરાવતાં હતાં.

કોઠા નં.૧૦માં મિલકતજૂથ પ્રમાણે જાતિવાર કુટુંબોના વર્ગીકરણના આંકડાઓ તપાસતાં જણાય છે કે રૂ.૧૦૦૦ની મિલકત ધરાવતાં કુટુંબોની સંખ્યા વસાવા અને વારલી સિવાય અન્ય જાતિઓમાં નજીવી હતી. ચૌધરી અને ધોડિયાઓમાં તો આ મિલકતજૂથમાં એકય કુટુંબ નહોતું. સૌથી વધુ કુટુંબોની સંખ્યા ભીલ, કોકણા અને વારલીમાં હતી. રૂ.૧૦૦૦૦થી વધુ મિલકત ધરાવતાં કુટુંબોની સંખ્યા સૌથી વધુ ધોડિયા (૫૩ ટકા)માં હતી. ચૌધરી અને ગરાસિયા જાતિઓમાં આ ટકાવારી ૨૦ ટકા જેટલી હતી. કોકણામાં એકય કુટુંબ ૧૦૦૦૦થી વધુ મિલકત ધરાવતું નહોતું, જ્યારે વારલીમાં ૧૦૦૦૦થી વધુ મિલકત ધરાવતાં કુટુંબોની સંખ્યા માત્ર ૩ ટકાની હતી. આ આંકડાઓ પરથી પણ સ્પષ્ટ કહી શકાય કે ધોડિયા, ચૌધરી અને ગરાસિયા મુખ્ય આદિવાસીઓની સરખામણીમાં આર્થિક રીતે વધુ સધ્ધર છે.

હવે આપણે જાતિવાર દેવાની પરિસ્થિતિ જોઇશું. સામાન્ય રીતે કોને વધાર દેવું કરવાની જરૂર ઊભી થાય છે અને કેટલા પ્રમાણમાં દેવું થાય છે, દેવું કયા સાધનોમાંથી મેળવે છે અને શા કારણે દેવું કરવું પડે છે આ અંગેની વિગતવાર માહિતી કોઠા ૧૧ માં દર્શાવેલી છે.

કોઠા ૧૧ પરથી જણાય છે કે સામાન્ય રીતે જેમની આર્થિક સ્થિતિ વધુ સારી છે એવી જાતિઓ જેવી કે ધોડિયા, ભીલ, ગરાસિયાઓમાં કુટુંબદીઠ દેવાનું પ્રમાણ વધુ હતું. અને આર્થિક રીતે પછાત જાતિઓ જેવી કે કોકણા અને વારલીમાં કુટુંબદીઠ દેવાનું પ્રમાણ ઓછું હતું. જેમની આર્થિક સ્થિતિ વધુ સારી છે એવી ધોડિયા, ભીલ, ગરાસિયા જાતિઓમાં કુટુંબદીઠ દેવાનું પ્રમાણ સરખાવીએ તો આ જાતિઓની વચ્ચે દેવાના પ્રમાણમાં ઘણો મોટો તફાવત જોવા મળે છે. આ જ રીતે આર્થિક રીતે પછાત જાતિઓ વચ્ચેનો કુટુંબદીઠ દેવાના પ્રમાણનો તફાવત ઓછો છે. આ આંકડાઓ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે દરેક જાતિમાં મોટાભાગનું દેવું શાહુકાર-વેપારીનું હતું. આર્થિક રીતે પછાત જાતિઓ જેવી કે કોકણા, વારલી અને વસાવામાં તો મોટા ભાગનું ધિરાણ શાહુકાર વેપારી પાસેથી કરવામાં આવ્યું હતું. આ તેમની ઓછી શાખ પૂરવાર કરે છે. આ સિવાય કોકણા અને વારલીમાં સગાસંબંધી પાસેથી ધિરાણ મેળવવામાં આવ્યું હતું.

કોઠા-૯

જમીનના કદ પ્રમાણે અને જાતિવાર કુટુંબોની સંખ્યા (ટકામાં)

જાતિ	૦ થી ૨.૫ એકર	૨.૫થી ૫.૦ એકર	૫.૦થી ૭.૫ એકર	૭.૫થી ૧૦.૦ એકર	૧૦.૦થી ૧૫.૦ એકર	૧૫ એકરથી વધુ	જમીન વિહોણા	કુલ ટકા	કુલ કુટુંબ
ભીલ	૨૨.૬	૨૩.૭	૧૬.૪	૭.૯	૧૧.૩	૧૧.૩	૬.૮	૧૦૦.૦	૧૭૭
ગરાસિયા	૧૯.૨	૪૮.૮	૧૬.૦	૯.૬	૪.૮	૦.૮	૦.૮	૧૦૦.૦	૧૨૫
વસાવા	૮.૨	૧૮.૮	૧૨.૯	૭.૧	૫.૯	૫.૯	૪૧.૨	૧૦૦.૦	૮૫
કોકણા	૧૫.૫	૩૯.૭	૨૭.૬	૬.૯	૬.૯	-	૩.૪	૧૦૦.૦	૫૮
વારલી	૩૩.૩	૨૮.૧	૧૫.૮	૩.૫	-	-	૧૯.૩	૧૦૦.૦	૫૭
ચૌધરી	૧૨.૯	૪૮.૯	૨૫.૯	૧૨.૯	૫.૬	-	૩.૮	૧૦૦.૦	૫૪
ધોડિયા	૧૮.૯	૩૭.૮	૨૦.૮	૭.૫	૭.૫	૭.૫	-	૧૦૦.૦	૫૩
કુલ	૧૯.૦	૩૨.૭	૧૮.૧	૮.૧	૬.૯	૪.૯	૧૦.૩	૧૦૦.૦	
કુલ કુટુંબ સંખ્યા	(૧૧૬)	(૧૯૯)	(૧૧૦)	(૪૯)	(૪૨)	(૩૦)	(૬૩)	-	(૬૦૯)

કોઠો-૧૦

મિલકતજૂથ પ્રમાણ અને જાતિવાર કુટુંબોનું વર્ગીકરણ (કુટુંબોના ટકા)

જાતિ	રૂા. ૫૦૦થી ઓછી મિલકત	રૂા. ૫૦૦થી ૧૦૦૦ સુધી	રૂા. ૧૦૦૦થી ૨૫૦૦ સુધી	રૂા. ૨૫૦૦થી ૫૦૦૦ સુધી	રૂા. ૫૦૦૦થી ૧૦૦૦૦ સુધી	રૂા. ૧૦૦૦૦થી ૨૦૦૦૦ સુધી	રૂા. ૨૦૦૦૦થી વધુ	કુલ ટકા	કુલ કુટુંબ સંખ્યા
ભીલ	૭.૯	૫.૧	૨૯.૯	૩૨.૨	૧૬.૪	૬.૨	૨.૩	૧૦૦.૦	૧૭૭
ગરાસિયા	૦.૮	૧.૬	૧૧.૨	૨૫.૬	૩૬.૦	૨૦.૮	૪.૦	૧૦૦.૦	૧૨૫
વસાવા	૧૪.૧	૧૬.૫	૧૪.૧	૧૨.૯	૨૨.૩	૨૦.૧	-	૧૦૦.૦	૮૫
કોકણા	૩.૪	૬.૮	૧૭.૨	૫૧.૬	૨૧.૦	-	-	૧૦૦.૦	૫૮
વારલી	૧૦.૫	૮.૮	૨૬.૩	૨૨.૮	૨૮.૨	૧.૭	૧.૭	૧૦૦.૦	૫૭
ચૌધરી	-	-	૫.૬	૨૨.૨	૫૧.૮	૧૬.૬	૩.૮	૧૦૦.૦	૫૪
ધોડિયા	-	-	૩.૮	૧૫.૧	૨૮.૩	૩૩.૯	૧૮.૯	૧૦૦.૦	૫૩
કુલ ટકા	૫.૭	૫.૬	૧૭.૯	૨૬.૮	૨૬.૯	૧૩.૬	૩.૫	૧૦૦.૦	
કુલ કુટુંબ સંખ્યા	(૩૫)	(૩૪)	(૧૦૯)	(૧૬૩)	(૧૬૪)	(૮૨)	(૨૨)	-	(૬૦૯)

કોઠો-૧૧

જાતિવાર સાધન અને હેતુ પ્રમાણ દેવું (ટકામાં)

જાતિ	કુટુંબદીઠ દેવું (રૂા. માં)	દેવાદાર કુટુંબદીઠ દેવું (રૂા. માં)	સાધનો: શાહુકાર વેપરી	સાધનો: સરકાર	સાધનો: સહકારી મંડળી	સાધનો: સગાસંબંધી	હેતુ: ઘરખર્ચ	હેતુ: સામાજિક	હેતુ: ખેતીખર્ચ	હેતુ: ખેતસુધારણા	હેતુ: અન્ય
ભીલ	૨૮૯	૪૨૨	૪૭.૪	૪૨.૮	૮.૨	૧.૬	૩૮.૩	૩.૪	૧૧.૨	૪૫.૯	૧.૨
ગરાસિયા	૩૯૩	૩૯૫	૭૭.૫	૯.૫	૪.૫	૮.૫	૪૩.૨	૨૫.૧	૯.૨	૧૨.૪	૧૦.૧
વસાવા	૧૯૫	૨૭૫	૯૪.૬	૨.૫	-	૨.૯	૫૭.૪	૨૭.૪	૫.૪	૯.૧	૦.૭
કોકણા	૭૮	૧૫૧	૮૭.૪	-	-	૧૨.૬	૫૯.૨	૧૬.૮	-	૪.૨	૧૯.૮
વારલી	૯૯	૧૬૬	૭૫.૮	૪.૩	૬.૫	૧૩.૪	૪૦.૭	૪૮.૪	-	૧૦.૯	-
ચૌધરી	૭૬	૧૭૮	૬૨.૧	૩૭.૯	-	-	૪૧.૫	૧૨.૨	૧૧.૯	૩૪.૪	-
ધોડિયા	૩૭૪	૫૮૩	૪૦.૮	૧૪.૯	૩૭.૭	૬.૬	૧૭.૬	૧૩.૯	૪૮.૯	૧૯.૬	-
કુલ	૨૪૩	૩૫૬	૬૩.૬	૨૧.૪	૯.૬	૫.૪	૩૯.૮	૧૬.૫	૧૪.૩	૨૪.૯	૪.૫

આ આંકડાઓ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે સરકાર અને સહકારી મંડળીનો ધિરાણમાં ફાળો ઘણો ઓછો છે. ધોડિયા અને ભીલ સિવાય અન્ય જાતિમાં સરકાર અને સહકા. મંડળીના ધિરાણનું પ્રમાણ નહિવત્ છે. ધોડિયામાં સૌથી વધુ ધિરાણ ૩૭.૭ ટકા સહકારી મંડળીનું હતું. એ જ રીતે ભીલમાં સરકારી લોનનું પ્રમાણ સૌથી વધુ ૪૨.૮ ટકા હતું. વારલી, કોકણા અને વસાવાને કુટુંબદીઠ દેવું ઓછું છે. પરંતુ તેમનું મોટા ભાગનું દેવું શાહુકાર અને વેપારીનું હતું.

આર્થિક દ્રષ્ટિએ પછાત જાતિઓમાં કુટુંબદીઠ દેવાનું પ્રમાણ ઓછું હતું પરંતુ મોટાભાગનું દેવું બિનઉત્પાદક હેતુઓ જેવા કે સામાજિક રીતરિવાજો અને ઉત્સવો ઉજવવા અથવા તો ચાલુ નિર્વાહ ખર્ચ માટે કરવામાં આવ્યું હતું. તેમનું ત્રીજા ભાગનું દેવું બિનઉત્પાદક હતું. ધોડિયા અને ભીલ જાતિ સિવાય દરેક જાતિમાં બિનઉત્પાદક દેવું ૫૦ ટકા કરતાં વધુ હતું. જ્યારે ભીલ, ચૌધરી અને ધોડિયા જાતિમાં ૫૦ ટકા કરતાં વધુ દેવું ઉત્પાદક હેતુઓ માટે કરવામાં આવ્યું હતું. ગરાસિયાઓમાં પણ મોટા ભાગનું દેવું ઉત્પાદક હેતુઓ માટેનું હતું.

કોઠો-૧૨

જાતિવાર મિલકત અને દેવું

જાતિ	કુટુંબદીઠ મિલકત	કુટુંબદીઠ દેવું	કુલ મિલકતમાં દેવાનું પ્રમાણ
ભીલ	૪૬૧૪	૪૨૨	૯.૧
ગરાસિયા	૭૪૭૫	૩૯૫	૫.૩
વસાવા	૫૯૦૦	૨૭૫	૪.૭
કોકણા	૩૭૨૧	૧૫૧	૪.૧
વારલી	૨૦૪૫	૧૬૬	૮.૧
ચૌધરી	૭૯૩૭	૧૭૮	૨.૨
ધોડિયા	૧૩૮૨૮	૫૮૩	૪.૨
સરેરાશ	૬૨૩૨	૩૫૫	૫.૭

કોઠા ૧૨માં દર્શાવેલ આંકડાઓ પરથી જણાય છે કે કોઈ જાતિમાં કુલ મિલકતની સરખામણીએ દેવાનું પ્રમાણ દસગણું નહોતું. કુલ મિલકતની સરખામણીએ સૌથી વધુ દેવું ભીલમાં હતું અને તે પછી વારલીમાં હતું, જ્યારે સૌથી ઓછા દેવાનું પ્રમાણ ચૌધરીમાં હતું.

કોઠો-૧૩

જાતિવાર મિલકતનું વર્ગીકરણ (ટકામાં)

જાતિ	જમીનની કિંમત ઝાડ સહિત	ઘરની કિંમત	ઢોર-પશુ કિંમત	ખેતીનાં સાધનોની કિંમત	કૂવાની કિંમત	સ્થાવર મિલકત	રોકડ, સોનું, ચાંદી વગેર	કુટુંબદીઠ સરેરાશ મિલકત (રૂ.માં) (જમીન સહિત)	કુટુંબદીઠ સરેરાશ મિલકત (રૂ.માં) (જમીન વગર)
ભીલ	૪૩.૮	૧૯.૩	૨૦.૯	૨.૨	૪.૯	૩.૫	૫.૪	૪૬૧૪	૩૫૪૭
ગરાસિયા	૫૧.૮	૧૭.૧	૧૪.૭	૧.૫	૮.૫	૨.૬	૩.૮	૭૪૭૫	૩૬૪૪
વસાવા	૫૪.૯	૧૮.૯	૧૬.૨	૧.૮	૨.૦	૩.૩	૨.૯	૫૯૦૦	૨૭૪૨
કોકણા	૫૯.૫	૧૯.૬	૧૪.૯	૦.૬	૧.૨	૨.૭	૧.૫	૩૭૨૧	૧૫૧૧
વારલી	૬૪.૪	૧૦.૭	૧૩.૧	૨.૧	૩.૯	૪.૯	૦.૯	૨૦૪૫	૧૩૬૯
ચૌધરી	૫૪.૨	૨૧.૯	૧૪.૬	૨.૯	૧.૮	૨.૯	૨.૬	૭૯૩૭	૩૬૯૨
ધોડિયા	૫૬.૧	૧૯.૮	૧૦.૪	૩.૨	૩.૪	૩.૮	૩.૩	૧૩૮૨૮	૮૧૨૧
કુલ	૫૨.૬	૧૯.૮	૧૫.૪	૨.૧	૪.૫	૩.૨	૩.૨	૬૨૩૨	૩૫૯૫

મિલકત માળખું :

કોઠા નં. ૧૩માં જણાવેલ મિલકત વર્ગીકરણની માહિતી પરથી જુદી જુદી જાતિઓની સાપેક્ષ આર્થિક સ્થિતિનો ખ્યાલ જાણી શકાય છે. કોઠામાં જણાવેલ આંકડાઓ પરથી જણાય છે કે કુટુંબદીઠ સૌથી વધુ મિલકત ધોડિયામાં હતી અને તે પછી ચૌધરી પાસે કુટુંબદીઠ વધુ મિલકત હતી. કુટુંબદીઠ સૌથી ઓછી મિલકત વારલી અને કોકણામાં હતી. જ્યારે ભીલ અને વસાવાની કુટુંબદીઠ મિલકતની સ્થિતિ મધ્યમ કક્ષાની હતી. ભીલ સિવાય દરેક જાતિમાં કુલ મિલકતમાં જમીનનો હિસ્સો ૫૦ ટકા કરતાં વધુ હતો. કુલ મિલકતમાં જમીનનો સૌથી વધુ હિસ્સો વારલીમાં હતો. વારલી અને કોકણામાં કુટુંબદીઠ મિલકત ઓછી હોવાનું કારણ એ હતું કે તેમની કુલ મિલકતમાં ઘર, ખેતીનાં સાધનો તથા સ્થાવર મિલકતનો ફાળો ઓછો હતો. જ્યારે ઓછી મિલકત વારલી કુટુંબોમાં હતી. મિલકતના આ આંકડાઓ પરથી પણ સ્પષ્ટ થાય છે કે અન્ય જાતિઓની સરખામણીએ કોકણા, વારલી અને વસાવાની આર્થિક સ્થિતિ નબળી હતી.

નિષ્કર્ષ :

આ તપાસનાં ઉપર જણાવેલ તારણોને આધાર આદિવાસી વિસ્તારમાં પ્રવર્તતી દેવા વિષયક પરિસ્થિતિનો એકંદર ખ્યાલ આપણને મળી રહે છે. મોટા ભાગનાં કુટુંબોને ઘરખર્ચ માટે જ દેવું કરવું પડે છે. ખેતી માટે ઘણું ઓછું રોકાણ થતું હોય છે તથા જે કંઇ ધિરાણ કરવામાં આવે છે તેમાં સહકારી ધિરાણનો ફાળો પણ ઘણો ઓછો છે. આ જાણીતી હકીકતોને તપાસ પરથી પુષ્ટિ મળે છે. દેવાદાર કુટુંબદીઠ સરેરાશ બાકી દેવું રૂા. ૩૬૦નું છે. પરંતુ દેવાદાર કુટુંબો તપાસ હેઠળના કુલ કુટુંબોના ૬૭ ટકા હોઇ કુલ કુટુંબોનું સરેરાશ કુટુંબદીઠ દેવું રૂા. ૨૪૩ થાય છે. કુલ ધિરાણમાં શાહુકારનો ફાળો સૌથી વધુ છે. હજી પણ ગ્રામ્ય ધિરાણમાં શાહુકારની પકડ મજબૂત છે.

આ તપાસનાં તારણો પરથી જણાય છે કે દેવાનો પ્રશ્ન આદિવાસી સમાજ માટે ઘણો જ જટિલ છે અને ઘણા મોટા સમુદાયને અસર કરતો હોઇ આ પ્રશ્નનો ઉકેલ શોધવો જોઇએ, નહિંતો સમગ્ર આદિવાસી વિકાસ કાર્યક્રમોનો કોઇ અર્થ સરશે નહિ.

...